
## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

### આજે રાશિ સિંહ

**આજના ગ્રહોની કુંડળી**




**આજે ઉચ્ચનો સૂર્ય અને શુક્ર છે. સ્વગૃહી મંગળ છે. ચાંડાલ યોગ ચાલુ છે. જો જન્મના ગ્રહો બળવાન હશે તો...**

**મેષ** રાશિમાં ઉચ્ચનો સૂર્ય તેમજ શુક્ર તમોને અચાનક અણધાર્યો લાભ અપાવે. ઉન્નતિ કરે. આધ્યાત્મિક સંસર્ગ થાય. પરિણામ તમારો આત્મા પ્રબળ બને. ફાયદો થાય.

**વૃષભ** બારમે ઉચ્ચનો સૂર્ય તેમજ અગિયારમે ઉચ્ચનો શુક્ર પ્રદર્શનના સારા સમાચાર લાવે. દિવસ સુખમય, આનંદમય જાય. સાતમે સ્વગૃહી મંગળ જીવનસાથી સાથે ચડભડ કરાવે.

**મિથુન** દસમે - અગિયારમે ઉચ્ચના ગ્રહો આવેલ છે જેનાથી રાજયોગ થાય છે - આપને બધા જ પ્રકારનું સાંસારિક સુખ ઉપલબ્ધ થાય. સંતાનોથી આનંદ પ્રાપ્ત થાય.

**કર્ક** દસમે - નવમે ઉચ્ચના ગ્રહો તમોને તમામ પ્રકારના સાંસારિક સુખોની ઉપલબ્ધિ કરાવે - તમારી કારકિર્દીની ટોચે પહોંચી જશો - તમોને ખુબ જ આનંદ પ્રાપ્ત થાય.

**સિંહ** ચાંડાલ યોગમાં ચંદ્ર પ્રવેશતાં ગ્રહણયોગ થાય છે પરંતુ સાથે સાથે ગજકેસરી યોગ પણ થાય છે - આઠમે ઉચ્ચનો શુક્ર તમોને વિલાસી બનાવે - સંયમ રાખશો તો સારું.

**કન્યા** સાતમે ઉચ્ચનો શુક્ર તમારે માટે ઉત્તમ છે - જીવનસાથી દ્વારા ખૂબ જ ઉષ્માભર્યું વાતાવરણ તમોને પ્રાપ્ત થાય - આઠમે સૂર્યથી પડવા - વાગવા - દાઝવાથી સાચવવું.

**તુલા** સાતમે ઉચ્ચનો સૂર્ય છે જેનાથી તમારા જીવનસાથીની તેજસ્વિતા તમોને ઈર્ષ્યાથી દઝાડી શકે છે - ખુશ થાઓ અને ઈર્ષ્યાને બદલે ગૌરવ અનુભવો તો સારું.

**વૃશ્ચિક** રાશિપતિ રાશિમાં છે જે તમોને શારીરિક તંદુરસ્તી અને લડવૈયો સ્વભાવ આપી શકે માટે ક્રોધને ગુસ્સાને કાબૂમાં રાખીને ચાલશો તો સુમેળભર્યું વાતાવરણ જળવાશે.

**ધન** બારમે મંગળ લડાઈ - ઝઘડા - ટંટાફિસાદ ઉભા કરાવનાર યોગ છે પરંતુ ઉચ્ચનો મીનનો શુક્ર તથા ઉચ્ચનો સૂર્ય તમારી આજની ઘડીઓ રળિયામણી કરી દેશે.

**મકર** અગિયારમે મંગળ - શનિની યુતિ - ભીજે ઉચ્ચનો શુક્ર - ઉચ્ચનો સૂર્યબુદ્ધ વિગેરે ગ્રહોની સ્થાન ભરેલ સ્થિતિ જોતાં આજનો દિવસ આનંદમય વીતી જશે.

**કુંભ** સાતમે ચાંડાલયોગ - ગ્રહણ યોગ - ગજકેસરી યોગ વિગેરે મિશ્રફળ આપનાર છે. પરંતુ તમારી વાણીમાં અપશબ્દો ના આવી જાય તેનું ધ્યાન રાખશો.

**મીન** રાશિમાં ઉચ્ચનો શુક્ર - બીજે ઉચ્ચનો સૂર્ય બંને સારા ગ્રહો છે તે ઉપરાંત ભાગ્યમાં મંગળ સ્વગૃહી હોવાથી આજે તમારો ભાગ્યોદય પૂર્ણ રૂપે ખીલેલ છે - ફાયદો થાય.

## મહેસાણા ખાતે યોજાનાર જેલભરો આંદોલનના પગલે ભારે વાહનોને ડાયવર્ઝન

મહેસાણા, તા. ૧૬

મહેસાણા શહેરમાં આવેલ અવસર પાર્ટી પ્લોટની બાજુમાં, ખુલ્લા મેદાનમાં, મોઢેરા ચોકડીથી યોજનારા પાટીદાર સમાજના જેલભરો આંદોલન દરમિયાન લોકોના જાનમાલની સાચવણી, કાયદો અને વ્યવસ્થાની સુખાકારી સગવડો જળવાઈ રહે તે માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ રમેસ મેરજાએ આ દિવસે એસ.ટી. બસો તેમજ ભારે વાહનોને ડાયવર્ઝનના આદેશ આપ્યા છે. ૧૭ એપ્રિલના ૨૦૧૬ને રવિવારના દિવસે સવારે ૭.૦૦ કલાકથી ૨૦.૦૦ કલાક સુધી ભારે વાહનો જેવા કે એસ.ટી. બસો, ટેન્કરો, કન્ટેનર, લકઝરી બસો, ટ્રકો, ક્રેન વિગેરે વાહનોને ડાયવર્ઝનના આદેશ આપ્યા છે.

ઉંઝા તરફથી આવતા વાહનો ફતેપુરા પાટીયાથી બાયપાસ રોડ થઈ શિવાલા હોટલથી અમદાવાદ તરફ તેમજ અમદાવાદ તરફથી આવતા વાહનો શિવાલા હોટલ થઈ બાયપાસ રોડ થઈ ફતેહપુરા પાટીયા થઈ ઉંઝા તરફ આવવાના આદેશ આપ્યા છે.

## ફોટો ટૉક....

■ હિરેન ભટ્ટ



ચાલીસ ડીગ્રી ગરમીમાં પણ તમે જો ગાંધીનગરના એસ.ટી. ડેપોથી સેન્ટ ઝેવિયર્સ સ્કૂલવાળા રોડ પર સાંજ પછી લટાર મારવા નીકળો તો તમારા પર કુદરત ખુશબુદાર અમી છાંટણા કરશે ..! આ વાક્યમાં કોઈ અતિશયોક્તિ કે કાવ્યતત્વ નથી. વાસ્તવિકતા એ છે કે, આ માર્ગ પર બન્ને બાજુએ શિરીષના વિશાળ વૃક્ષો છે. આ વૃક્ષ પર આ સિઝનમાં દાઢી કરવાના બ્રશ જેવા સુંવાળા-ભીની સુગંધવાળા ફૂલો આવે અને આ વૃક્ષમાંથી ઝાકળ બિંદુઓ ફોરાં થઈને વરસતા હોય એવા છાંટણા થાય... એટલે આ વૃક્ષને અંગ્રેજીમાં 'રેઈન ટ્રી' પણ કહે છે. આ વૃક્ષનું અંગ્રેજી બોટનિકલ નામ અલ્બેઝિયા સમન છે. ગાંધીનગરમાં આ એક માર્ગ એવો છે કે જેથી બન્ને તરફ આવા વૃક્ષો છે. ઉનાળામાં ગાંધીનગરના આવા વિશિટ વૃક્ષોની મઝા માણવાનું રખે ચુકતા...

# કોંગ્રેસ પ્રજાના પ્રશ્નોને વાચા આપવા લોકદરબાર રાજ્યભરમાં કરશે

ગાંધીનગર, તા. ૧૬

રાજ્યની પ્રજાના પ્રશ્નોને વાચા આપવા માટે કોંગ્રેસ દ્વારા લોકદરબારના કાર્યક્રમો રાજ્યભરમાં અપાશે અને તેનો પહેલો લોકદરબાર ૯મી મે ના રોજ ઉત્કંઠેશ્વર મહાદેવ ખાતે યોજાશે.

પ્રદેશ કોંગ્રેસની આજે મળેલ મહત્વની બેઠકમાં આ નિર્ણયની જાહેરાત કરવામાં આવી હતી. વિધાનસભા વિપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે સોશ્યલ મિડિયાના માધ્યમ થકી પણ ભાજપના જુઠાણાઓનો પર્દાફાશ કરવાની વ્યુહરચના તૈયાર કરી દેવામાં આવી છે.

આગામી વિધાનસભા ૨૦૧૭ની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષ પ્રજાના પ્રશ્નો લઈને આક્રમકતાથી લડત આપવાના ભાગરૂપે રાજીવ ગાંધી ભવન ખાતે ૧૦૦૦થી વધુ સમગ્ર રાજયમાંથી ટેકનોસેવી અને ખાસ કરીને સોશ્યલ મીડિયામાં સક્રિય કાર્યકરો આગેવાનોને માર્ગદર્શન આપતા ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, ભાજપના વિવિધ જુઠ્ઠાણાં વારંવાર મીડિયા અને ખાસ કરીને સોશ્યલ મીડીયા દ્વારા મતદાતાઓ સામે ભ્રામકતા ઉભી કરવામાં આવે છે. ધણા બધા કિસ્સાઓમાં જુઠ જુઠ અને જુઠ ચાલી રહ્યા છે. કાળા નાણાં પાછા લાવવાનું, ૧૫-૧૫ લાખ રૂપિયા દરેકના ખાતામાં જમા થશે, એક માથા સામે દશ માથા, પાકિસ્તાનને જડબાતોડ જવાબ, ખેડુતોને કપાસના રૂ. ૧૫૦૦ના ભાવ સહિત મોંઘવારી, ભ્રષ્ટાચાર, આંતકવાદની ઘટનાઓ બાબતે ચૂંટણી પહેલા અને ચૂંટણી પછી અલગ અલગ નિતી અને નિયત જાહેર થઈ રહી છે. ત્યારે યુવાનો બહેનો વિશેષ સોશ્યલ મીડીયા પર સક્રિય થઈ ભાજપના જુઠ્ઠાણાઓને ખુલ્લા પાડીને અને સત્ય હકીકતો ઉજાગર કરે તે સમયની માંગ છે. સોશ્યલ મિડીયામાં રાજય વ્યાપી કવાયતના ભાગરૂપે રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલ બેઠકમાં ટીમ કોંગ્રેસ દ્વારા કાર્યક્રમોનો ઉલ્લેખ કરતાં ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષના પ્રમુખ ભરતસિંહ સોલંકી અને કોંગ્રેસ પક્ષના આગેવાનોની ઉપસ્થિતિમાં આગામી સમયમાં સમગ્ર રાજયમાં પ્રજાના પ્રશ્નો સમસ્યાઓને લઈને લોકદરબાર કાર્યક્રમ યોજાશે. પ્રથમ લોકદરબાર તા. ૯મી મે, ૨૦૧૬ ઉત્કંઠેશ્વર મહાદેવ કપડવંજ ખાતેથી શુભારંભ થઈ રહ્યો છે. લોકદરબાર કાર્યક્રમમાં પ્રજાલક્ષી વેબસાઈટ ખુલ્લી મુકાશે જેમાં નાગરિકો પોતાના પ્રશ્નો સમસ્યાઓ અંગે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી શકશે. સોશ્યલ મીડિયામાં રાજય વ્યાપી કવાયતના ભાગરૂપે રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલી બેઠકમાં વિધાનસભા કોંગ્રેસ પક્ષના પૂર્વ નેતા નરેશ રાવલે સોશ્યલ મીડિયા દ્વારા અસરકારક કામગીરી કરી ટીમ કોંગ્રેસ ઉભી થાય, ૨૦૧૭ વિધાનસભામાં પ્રજાની સંવેદના સમજી શકે તેવું કોંગ્રેસ પક્ષનું શાસન સ્થપાય તે દિશામાં કામ કરવા અનુરોધ કર્યો હતો.

## હિંમતનગર તાલુકામાંથી માતા, પુત્ર અને અન્ય એક યુવક ગુમ થતાં ફરિયાદ

હિંમતનગર, તા. ૧૬

હિંમતનગર તાલુકાના અશોકપુરા ગામની મહિલા પુત્ર સાથે પાંચેક દિવસ અગાઉ પિયર કાંણિયોલ ગામે જવા નીકળ્યા બાદ ગુમ થતાં તેણીના પરિવારજનોએ આ અંગે હિંમતનગરના ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં શુક્રવારે જાણ કરી હતી. જ્યારે તાલુકાના ખેડ ગામનો યુવક સોમવારે વાહન સાથે ઘરેથી નીકળ્યા બાદ ગુમ થતાં પરિવારજનોએ ઘટના અંગે મંગળવારે ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં જાણ કી હતી.

ગુમ થવાની ઘટના અંગે પ્રાપ્ત વિગત અનુસાર હિંમતનગર તાલુકાના અશોકપુરા ગામે રહેતા પરેશકુમાર જયંતિભાઈ પટેલના પત્નિ શિલ્પાબેન (ઉં.વ. ૨૬) એક વર્ષના દિકરા માન સાથે ગત તા. ૬ એપ્રિલે પોતાના પિયર કાંણિયોલ જવા માટે નીકળ્યા હતા. પોતાના દિકરા સાથે નીકળેલા મહિલા કાંણિયોલ ગામ ખાતે ન પહોંચતા પરિવારજનોએ શોધખોળ શરૂ કરી હતી. બે દિવસ બાદ પણ ગુમ થનાર મા-દિકરાનો કોઈ અત્તોપત્તો ન મળતા ચિંતિત પરિવારજનોએ શુક્રવારે ઘટના અંગેની હિંમતનગરના ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે કાર્યવાહી કરી હતી.

જ્યારે બીજી ઘટનામાં તાલુકાના ખેડ ગામે રહેતા ૨૬ વર્ષીય યુવક જગદીશભાઈ અલ્પેશભાઈ પટેલ સોમવારે પોતાની સ્કોડા રેપીડ ગાડી લઈ પોતાના ઘરેથી બજારમાં કામે જાઉં છુ તેમ કહી નીકળ્યા હતા. આ યુવક પોતાની સ્કોડા ગાડી નવી જિલ્લા પંચાયત પાસેના શિવ પ્લાઝા કોમ્પલેક્ષ પાસે મુકીને ગયા બાદ તેમનો કોઈ અત્તોપત્તો મળતો નથી.

### ગ્રામસભા અભિયાન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જશે. ગ્રામસભામાં તેઓ રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા જે કલ્યાણકારી યોજનાઓ છે તેની જાણકારી આપશે.

આ ખાસ ગ્રામસભા અભિયાન માટે રાજ્ય સરકારે પાંચ સનદી અધિકારીઓને પણ વિશેષ જવાબદારી સોંપી છે. તેઓ ૨૪મી એપ્રિલ સુધીમાં આ અભિયાનમાં હાજરી આપશે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે શ્રી અરવિંદ અગ્રવાલને કલોલ, રાજીવકુમાર ગુપ્તાને ગાંધીનગર, પૂનમચંદ પરમારને માણસા, સુનિલકુમારને માણસા અને જિલ્લાના પ્રભારી સચિવ શંજીવકુમારને દહેગામ તાલુકો ફાળવવામાં આવેલ છે.ગ્રામસભાનો સમય સવારે ૧૧ વાગે અને બપોરે ૩.૩૦ વાગ્યાનો રાખવામાં આવ્યો છે. જિલ્લાના ૩૦૨ ગામોમાં આ ગ્રામસભા અભિયાન યોજવાનું હોવાથી જિલ્લામાં સરેરાશ રોજની ૬૦ ગ્રામ સભાઓ યોજવામાં આવશે.

આ ગ્રામસભા અભિયાનમાં પંચાયતી રાજના સશક્તિકરણ માટે પણ ચિંતન કરવામાં આવનાર છે. ખાસ કરીને આ અભિયાન વિશેષ હોવાથી તેમાં રાજ્યની અને કેન્દ્રની કલ્યાણકારી યોજનાઓ જે અમલમાં છે તેની વિસ્તૃત છણાવટ કરી છેવાડાના માનવી સુધી પહોંચાડવાનો અભિગમ હોવાનું સૂત્રોએ સ્વીકાર્યું છે.

### ખાસ કંટ્રોલરૂમ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આસપાસના વિસ્તારોમાં કોબીંગ સહિતની ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. વધુ સંખ્યામાં મહિલા પોલીસ, સંવેદનશીલ વિસ્તારમાં ફ્લેગમાર્ચ અને એસઆરપીની જરૂર પડે વધુ કંપની બોલાવવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. ઉનાળાની સખત ગરમીના કારણે તમામ મતદાન મથકો પર શેડ અને પીવાના પાણીની વ્યવસ્થા સહિત મતદાન જાગૃતિ અભિયાન ચૂંટણીમાં રોકાયેલા સ્ટાફની તાલીમ તથા મત ગણતરીની તાલીમના આયોજન અંગે જિલ્લા કલેક્ટરે રાજ્ય ચૂંટણી કમિશનરને વાકેફ કર્યા હતા.

આ બેઠકમાં રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના સચિવ મહેશ જોષી, ગાંધીનગર મ્યુનિસિપલ કમિશનર ડી.એન. મોદી, અધિક નિવાસી કલેક્ટર વી.જી. કાલરિયા, મહાનગરપાલિકા ચૂંટણીના આર.ઓ. નિશા શર્મા, કવિતા શેઠ, ડેપ્યુટી ડીડીઓ ચૌહાણ, પ્રાંત અધિકારી રાકેશકુમાર વ્યાસ, ગાંધીનગર ડીવાયએસપી વાટલિયા, હિત રાજ્ય ચૂંટણી આયોગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### તંગ સ્થિતિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજ્ય સરકારને એવી ખાતરી કરવા કહ્યું છે કે, જમ્મુ કાશ્મીરમાં જારી હિંસામાં વધુ કોઈ વ્યક્તિના મોત ન થાય. આજે યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં વધારાના જવાનો મોકલવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જમ્મુ કાશ્મીરમાં ઉભી થયેલી સ્થિતિ ઉપર વિસ્તારપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. કાશ્મીરના જુદા જુદા ભાગોમાં સતત ચોથા દિવસે કરફ્યુ જેવા નિયંત્રણો લાદવામાં આવ્યા હતા. મંગળવાર બાદથી હિંસક વિરોધ પ્રદર્શનના સુરક્ષા દળોના પગલાથી પાંચ લોકોના મોત થઈ ચુક્યા છે. કેન્દ્ર સરકારે જમ્મુ કાશ્મીરના વ્યક્તિઓના મોતને લઈને ચિંતા વ્યક્ત કરી છે. ગૃહમંત્રાલયના પ્રવક્તાએ કહ્યું છે કે, કેન્દ્રીય ગૃહસચિવ તરીકેનો વધારાનો હવાલો ધરાવનાર ફાઈનાન્સ સેક્રેટરી રતન વાટલના નેતૃત્વમાં આ બેઠક યોજાઈ હતી જેમાં ઈન્ટેલીજન્સ બ્યુરો, સંરક્ષણ મંત્રાલય, કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ અને ગૃહમંત્રાલયના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં કાશ્મીરમાં પ્રવર્તમાન સ્થિતિ ઉપર ચર્ચા થઈ હતી. કાશ્મીર ખીણમાં સુરક્ષાને વધારવાના હેતુસર વધારાના કેન્દ્રીય અર્ધલશ્કરી દળો મોકલવામાં આવી રહ્યા છે. અર્ધલશ્કરી દળની ૧૨ કંપનીઓ પહોંચી ચુકી છે. ૨૪ વધુ કંપનીઓ આવતીકાલે પહોંચશે.

### ભૂકંપ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભૂંકપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૪ નોંધવામાં આવી છે. આ વખતે ભૂંકપ આજે સવારે દક્ષિણી જાપાનના ક્યુશુ દ્વિપમાં આવ્યો હતો. છેલ્લા ૨૪ કલાકની અંદર જાપાનમાં બીજી વખત આંચકાના કારણે લોકોમાં વ્યાપક દહેશત રહી હતી. લોકો ધરતીકંપને લઈને વાતચીત કરતા નજરે પડ્યા હતા. આ અગાઉ દેશના દક્ષિણી વિસ્તારના શહેર કુમામોતોમાં પ્રચંડ આંચકો આવ્યો હતો. આની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૭.૧ આંકવામાં આવી હતી. જે અંગે મોડેથી કહેવામાં આવ્યુ હતુ કે તીવ્રતા ૭.૩ હતી. જાપાના અધિકારીઓ કહી રહ્યા છે કે નુકસાનની ખાતરી કરવાના સતત પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ધરતીકંપમાં મૃત્યુ પામેલા લોકોની સંખ્યા સાત પર પહોંચી ગઈ છે. જ્યારે ઘાયલ થયેલાઓની સંખ્યા સેંકડોમાં હોવાનુ જાણવા મળ્યુ છે. ભૂંકપ બાદ મોટા પાયે ભેખડો ધસી પડવાની ઘટના બની હતી. આજે સવારે આવેલા આવેલા આંચકાના કારણે ઉંચી ઈમારતોને ભારે નુકસાન થયુ છે.

### પોલીસ સ્ટેન્ડ ટુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નાંખી દેવાયા હતા તે પૈકી હજુ પણ હાર્દિક સહિતના કેટલાક આગેવાનો જેલમાં છે એક તરફ મહાનગર પાલીકાની ચુંટણી અને બીજી તરફ પાટીદારનું આંદોલન ચાલી રહ્યું છે જેને પગલે સરકારને પરસેવો છુટી રહ્યો છે. પાસ દ્વારા ૧૭ એપ્રિલે જેલ ભરો આંદોલનની જાહેરાત થઈ છે ત્યારે મહેસાણામાં પોલીસ પણ પ્રેશરમાં આવી ગઈ છે. તો બીજી તરફ ગાંધીનગર પોલીસ પણ આંદોલનને પગલે સ્ટેન્ડ ટુ રહેશે. તે ઉપરાંત આંદોલન રીલેટેડ તમામ માહિતી મેળવવા આઈ.બી. પણ સક્રીય થઈ જવા પામી છે. પોલીસ હરકતમાં હોવાથી ગાંધીનગરથી પાટીદારોની ટુકડીઓ મહેસાણા જવા રવાના થઈ ગઈ હોવાનું પણ જાણવા મળી રહ્યું છે.

### મોરપીંછના રંગ ● ૪ પાનાનું ચાલુ...

સર્જન - ફેબ્રુઆરી-માર્ચ - ૧૯૮૬માં અને કનૈયાલાલ મુનશીની સાહિત્ય સૂચિ જૂન-જુલાઈ-૧૯૮૭માં આપી હતી. ડૉ. શુકલની આ વિશિષ્ઠ કામગીરી અને સાહિત્યિક સૂઝ જોઈને ડૉ. હસુ યાજ્ઞિકે પણ એમના લોકસાહિત્ય વિષયક ગ્રંથોમાં એમની મદદ લીધી છે.''લોકગીતોમાં કૃષ્ણચરિત'' ગ્રંથમાં ૨૨ પૃષ્ઠોની લોકગીતોની પ્રથમ પંક્તિની સૂચિ તો વળી આ જ સર્જક દ્વારા સંપાદિત થયેલા. ''લોકગીતોમાં રામચરિત અને પાંડવકથા.'' માં ૧૫ પૃષ્ઠોમાં પ્રથમ પંક્તિ સૂચિ જોવા મળે છે. તો વળી હસુ યાજ્ઞિક દ્વારા જ સંપાદિત થયેલા '' ગુજરાતી લોકસાહિત્યમાં કથાગીતો '' માં ૧૧ પૃષ્ઠોની પંક્તિ સૂચિ અને ગુજરાતી લોકસાહિત્યમાં ૩૩ પૃષ્ઠની શબ્દસૂચિ આપીને ડૉ. શુકલએ લોકસાહિત્ય ક્ષેત્રે પણ પોતાનું યોગદાન આપ્યું છે. ડૉ. બળવંત જાની સંપાદિત ''બૃહદ કાવ્યદોહન - કથામૂલક - ભાગ - ૩, ખંડ - ૨ માં ૩૦ પૃષ્ઠની કર્તા - કૃતિઓની સૂચિ પણ ઉપયોગી બની રહે છે. તો વળી વર્ષ - ૨૦૦૨માં પ્રગટ થયેલ ડૉ. વિનોદ જોશી સંપાદિત 'આજ અંધાર ખૂશબો ભર્યો લાગતો.'' પ્રહલાદ પારેખના કાવ્યગ્રંથમાં પણ સંદર્ભસૂચિ મૂકી છે.

આમ આ રીતે જોઈએ તો ડૉ. કિરીટ શુકલએ સામાયિક અને સાહિત્યના વિવિધ વિભાગોમાં એક સૂચિકાર તરીકે ખુબ જ મૂલ્યવાન કાર્ય કર્યું છે. કેમ કે સૂચિ એ એવું સંશોધન છે કે એમાં આપણે આપણું મૌલિક સર્જન કે વિવેચન કે ભાષાની ચમક દમક નથી બતાવી શકતા પણ વિગતોના મૂળમાં ખુબ જ ઊંડા ઉતરીને સાવધાની પૂર્વક એની અકારાદિક્રમે વિભાગવાર - વિષયવાર સંશોધન કરી વર્ષ કે દશક કે યુગ પ્રમાણે એની સૂચિ તૈયાર કરવાની હોય છે. સાહિત્યિક સંશોધન કરવું તો કદાચ સરળ કાર્ય છે. સૂચિકાર્ય તો સંશોધનનું પણ સંશોધન - અભ્યાસ છે. વળી આપણી ભાષામાં આવા સૂચિકાર્યોની બહું નોંધ પણ લેવાતી નથી કે એનો ઉપયોગ પણ ખુબ ઓછો કરવામાં આવે છે. તેથી આ ક્ષેત્રમાં કોઈ જલદી પ્રવેશતું પણ નથી.

ડૉ. કિરીટ શુકલએ અકાદમી દ્વારા ''ગુજરાતી સાહિત્યકાર પરિચય કોશ'' આપીને પણ ખુબ જ નોંધપાત્ર કામ કર્યું છે. લગભગ ૧૬૨૪ જેટલા વિદ્યમાન ગુજરાતી સર્જકોનો એક અધિકૃત કોશ આપણી ભાષામાં પ્રથમવાર આવે છે. સાહિત્ય પરિષદે કર્યો છે. પણ એનો વિસ્તાર અને માળખું જૂદું છે. ડૉ. શુકલના આ પરિચય કોશના કાર્યની પ્રશંસા પદ્મશ્રી ભોળાભાઈ પટેલ અને કુમારપાળ દેસાઈએ પણ કરી છે. આ કોશની બે આવૃત્તિ પણ થઈ છે. અને હજી પણ ત્રીજી સંવર્ધિત આવૃત્તિ પ્રગટ થવા જઈ રહી છે. તો વળી એક ખિસ્સા ડાયરી કોશ ''ગુજરાતી સાહિત્યકાર કોશ'' પણ ઘેર ઘેર ઉપયોગી થયો છે. તેમના કાર્યને ધ્યાનમાં રાખીને શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર-રાજકોટ દ્વારા એમને '' લોકગીત સૂચિકરણ પ્રોજેક્ટ ''અન્વયે ફેલોશીપ પણ આપવામાં આવી હતી. દેશની ઘણી યુનિવર્સિટીઓની આર.ડી.સી. સમિતિમાં તેઓની નિયુક્તિ થઈ છે. પીએચ.ડીના રેફરી તરીકેપણ તેઓ માન્ય છે. તો વળી ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદમાં તેઓ પરિક્ષક તેમજ વિષય નિષ્ણાંત તરીકે પણ પોતાની સેવાઓ આપે છે. બીજા રાજ્યોના વિદ્યાથીઓના પીએચ.ડીના થિસિસ તપાસીને, વાઈવા ટેસ્ટ લઈને તેઓએ અનેક વિદ્યાર્થીઓને ડોકટરેટ બનવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. આ ઉપરાંત ડૉ. કિરીટ શુકલએ શિક્ષણ અને સાહિત્ય વિષયક ત્રણ પુસ્તકો આપ્યા છે.

ડૉ. શુકલની આ સિદ્ધિ જોઈને હેમચન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી - પાટણ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી-સુરત, ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, રાય યુનિવર્સિટી - ધોળકા તથા ગુજરાત બહાર સિંઘાનિયા યુનિવર્સિટી-રાજસ્થાન તથા અન્ય યુનિવર્સિટીઓએ તેમને પીએચ.ડીની ગાઈડશીપ આપીને તેમના કાર્યની સ્વીકૃતિ કરી છે. આજે ડૉ. શુકલ નીચે પાંચ વિદ્યાથીઓ ડૉકટરેટ મેળવી ચૂક્યા છે. અને હજીયે બીજા બાર જેટલા હાલ સંશોધન કાર્ય કરી રહ્યા છે.

ગુજરાતી સાહિત્યમાં આજ વાડમય સૂચિ, સંદર્ભ સૂચિ, કોશ કાર્ય વગેરે ખૂબ ઓછું થઈ રહ્યું છે. અને જે થાય છે એની પ્રામાણિકતાના પ્રશ્નો છે. આવા સમયે ડૉ. કિરીટ શુકલનું આ કાર્ય અત્યંત ઉપયોગી અને મૂલ્યવાન સાબિત થશે. નવા સંશોધકોને નવી દિશા ચિંધે છે. આમ ડૉ. શુકલએ પોતાના અભ્યાસને એક વિશિષ્ટ અભ્યાસ બનાવી દીધો છે. આવતા યુગના નવા સંશોધકોને આ બધી સૂચિઓ ખૂબ જ ઉપયોગી બનશે કેમ કે તેમની સૂચિસાધના અનન્ય છે. તેમની નિષ્ઠા અને નિસબત એમને ઉમદા મનુષ્ય પણ બનાવે છે.

(સંપર્ક : ડૉ. કિરીટ શુકલ - ૯૪૨૬૦ ૩૬૨૮૪)
- 9426060601.india@gmail.com

### રઝળપાટ ● ૪ પાનાનું ચાલુ...

આ ચિક્કાર પૈસો ખાલી આયોજકો માટે નહી પણ ટીમના માલિકો..ખેલાડીઓ...અને ઈવન જ્યાં મેચો રમાય એ એસોશિયેશન કે પછી રાજ્યો માટે પણ...! આઈપીએલ ઈટ્સ ઓલ એબાઉટ મની બીડું...! પૈસો...પૈસો ને પૈસો જ...!

દર આઈપીએલ ની શરૂઆત પહેલા કે અંત વખતે ઉત્સાહી લોકો નું એક જ સમુહગાન હોય છે કે આઈપીએલ હાવે ફિનિશ્ડ...! પણ દર વર્ષે આઈપીએલ નવા જોશ અને નવા રોમાંચો સાથે હાજર...! ચેન્નાઈ અને રાજસ્થાનની બે ટીમો ગઈ તો બે નવી ટીમો હાજર...ગુજરાત ને પુને...! શો કંટીન્યુ...! પૈસાનો તમાશો ગણો કે ગોઠવેલું ક્રિકેટ...જે ગણો એ પણ હકીકત એ છે કે આઈપીએલ ની મેચ જોવા સ્ટેડીયમમાં ઘુસેલા પ્રેક્ષક માટે એ બધા જ રોમાંચ...મજા...આકર્ષણ અને ઉપરથી ફટાફટ ક્રિકેટની મજા બધું જ હાજર છે જેના માટે એણે ૫૦૦-૮૦૦ કે ૧૨૦૦ ખર્ચ્યા છે..!!! એને મન ચોક્કા-છક્કા-ચીયર ગર્લ્સ-ડીજે મ્યુઝીક-પોતાની ટીમનું ચીયરીંગ - કાર્નિવલ માહોલ - અને મસ્ત મજાના પાંચ કે છ કલાકનું મનોરંજન એ જ મહત્વનું છે...બાકી બધું ગૌણ...! સો, ખોટી માથાપચ્ચીસી કર્યા વગર એન્જોય ધ ગેમ - માહોલ અને મનોરંજન....!!!

ટચૂકડી જાહેર ખબર

**Gayatri**
**DJ**
Keval Rawal
M : 9276837544

**વેચવાનો છે**
કોમર્શીયલ પ્લોટ ૩૩૩ વારનો, ગારમેન્ટ અને ટેક્ષટાઈલ માટે પ્લોટ નં. એફ-૦૯, ગુજરાત ગારમેન્ટ ઝોન અને હોટલ મેનેજમેન્ટ કોલેજની જાડે, કુડાસણ
મો. : ૯૩૨૭૦૪૨૬૮૫
(ભાગચંદ્ર)

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**

### જાહેરનામું

હાલમાં ઉનાળાની સીઝન ચાલુ થયેલ હોવાથી પીવાના પાણીની તંગીને લગતી ફરીયાદો ઉભી થવા સંભવ છે. આથી પીવાના પાણીની ફરીયાદોના નિકાલ માટે જિલ્લા કક્ષાનો કંટ્રોલરૂમ અધિક્ષક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય વર્તુળ, પ્રથમ માળે, જલભવન, આર.ટી.ઓ. સામે, પાલાવાસણા, મહેસાણા ખાતે શરૂ કરવામાં આવેલ છે. જેનો ફોન નંબર (૦૨૭૬૨) ૨૨૫૩૪૫ તથા ફેક્સ નંબર (૦૨૭૬૨) ૨૨૫૩૭૫ તથા Email : sephcmsn@gmail.com છે. આથી પદાધિકારીશ્રીઓએ આ બાબતની નોંધ લઈ પીવાના પાણીની તંગીને લગતી ફરીયાદો ઉક્ત નંબર પર નોંધાવવા જણાવવામાં આવે છે.

માત્ર પીવાના પાણીની ફરિયાદો માટેનો હેલ્પલાઈન નં. ૧૮૦૦ ૨૦૦ ૧૪૦૦

ક્રમાંક : નામાનિ/મહે/૨૬/૨૦૧૬-૧૭